શહેરની જોડીએ લોન ટેનિસમાં ચેમ્પિયનશીપ મેળવી

# રાજ્ય ખેલ મહાકુંભમાં ગાંધીનગર ઝળક્યું



રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત લોન ટેનિસ સ્પર્ધામાં ૬૦ વર્ષથી ઉપરની ડબલ્સ ટુર્નામેન્ટમાં દિલીપ ઠાકર અને એચ ડી સેઈલરની જોડીએ કચ્છની અશોક ચાવલા અને પ્રેમજી રાઠોડની જોડીને હરાવીને રાજ્ય કક્ષાએ ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી છે. શહેરના ખેલપ્રેમીઓ તરફથી તેમની તરફ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

# ગુજરાતના 'આયર્નમૅન'નું સન્માન



ગાંધીનગર, તા. ૫

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે તાજેતરમાં મલેશિયા ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ આયર્નમેન ટ્રાયથ્લોન હરિફાઈમાં એક માત્ર ગુજરાતી વિજેતા મહેશભાઈ પ્રજાપતિને ગુજરાતને ગૌરવ અપાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

સુરતના વતની મહેશભાઈ પ્રજાપતિએ ટ્રાયથ્લોન હરિફાઈમાં ગુજરાતમાંથી એક માત્ર સ્પર્ધક તરીકે ભાગ લઈને વિશ્વમાં સૌથી અઘરામાં અઘરી ટ્રાયથ્લોન સ્પર્ધા ૧૭ કલાકમાં પૂર્ણ કરવાની હોય છે, જે તેમણે ૧૫.૨૫ કલાકમાં પૂર્ણ કરીને એવોર્ડ મેળવ્યો હતો. આ સ્પર્ધામાં વિજેતા બદલ તેમને 'આયર્નમેન'નું બિરૂદ પ્રાપ્ત થયુ હતું. આ તેમની કારકિર્દીની બીજી સિદ્ધિ છે. આ સ્પર્ધા મલેશિયાના લંકાવી, આયર્લેન્ડ ખાતે યોજવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાયથ્લોનમાં ૪ કિ.મી. દરિયાઈ સ્વિમિંગ, ૧૮૦ કિ.મી. સાઈકલિંગ તેમજ ૪૨.૨ કિ.મી. દોડની હરિફાઈ યોજાય છે. મહેશભાઈએ ૧.૩૦ કલાકમાં સ્વિમિંગ, ૭.૩૦ કલાકમાં સાઈકલીંગ અને ૫.૫૫ કલાકમાં રનીંગ પૂર્ણ કરીને કુલ ૧૫.૨૫ કલાકમાં ફિનિશ લાઈન ક્રોસ કરીને આર્યનમેનનું બિરૂદ પ્રાપ્ત કર્યુ હતું.

# જેઈઈ એડવાન્સ '૧૭મી મે'ના રોજ

ગાંધીનગર, તા. ૫

ધો.૧૨ સાયન્સ પછી IIT સહિતની નામાંકિત ગણાતી ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ માટે લેવામાં આવતી JEE-એડવાન્સ આગામી વર્ષે તા.૧૭મી મે-૨૦૨૦ના રોજ લેવામાં આવશે. JEE-મેઈન પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કરનારા પ્રથમ અઢી લાખ વિદ્યાર્થીને JEE-એડવાન્સ આપવાની તક મળે છે. આ પરીક્ષાનું પરિણામ તા.૮મી જૂન-૨૦૨૦ના રોજ આવશે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે JEE-મેઈન આપવી ફરજિયાત છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા JEE -મેઈનની એક્ઝામ લેવામાં આવશે. વર્ષમાં બે વખત જાન્યુઆરી અને એપ્રિલમાં JEE મેઈન લેવામાં આવે છે. આ બે પરીક્ષા પૈકી જે પરીક્ષામાં સારો દેખાવ હોય તે પરિણામને માન્ય ગણવામાં આવશે. JEE-મેઈનમાં સારો દેખાવ કરનારા દોઢ લાખ વિદ્યાર્થીને JEE એડવાન્સમાં ઉપસ્થિત રહેવાની તક મળતી હતી પરંતુ હવે શ્રેષ્ઠ દેખાવ કરનારા અઢી લાખ વિદ્યાર્થીને આ તક આપવામાં આવે છે.

JEE-એડવાન્સ દર વર્ષે જુદી જુદી IIT દ્વારા લેવામાં આવે છે. આગામી વર્ષ ૨૦૨૦ માટે IIT દિલ્હી દ્વારા આ પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. JEE-એડવાન્સમાં કુલ બે પરીક્ષા લેવામાં આવે છે. દરેક વિદ્યાર્થીઓ માટે આ બન્ને પરીક્ષા આપવી ફરજિયાત છે. પેપર-૧ સવારે ૯થી ૧૨ અને પેપર-૨ બપોરે ૨-૩૦થી ૫-૩૦ વચ્ચે લેવામાં આવતું હોય છે. JEE એડવાન્સ પાસ થનારા વિદ્યાર્થીઓને તેના મેરિટના આધારે દેશની જુદી જુદી IITમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને IITમાં પ્રવેશ ન મળે તેમને જુદા જુદા રાજ્યોની નામાંકિત ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં પણ આ જ મેરિટના આધારે પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે.

## જન્મદિને વધામણી



જે બી પટેલ

મો. ૯૯૦૯૯ ૨૧૪૧૧



જીનલ કલ્પેશજી સોલંકી

મો. ૯૯૦૪૨ ૮૮૯૭૫

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આપણે કુદરતી સંપદાને દૂષિત કરી કુદરતના રોષનો ભોગ બની રહ્યાં છીએ



ગાંધીનગર, તા. ૫

કુદરતે આપણને સ્વચ્છ પહાડો, ડુંગરો, નદીઓ, સમુદ્ર અને જંગલો આપ્યા છે, પણ આપણે સૌ ગંદકી ફેલાવીને કુદરતી સંપદાને દુષિત કરી, પ્રકૃતિના રોષનો ભોગ બની રહ્યા છીએ, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લાના કોબા ગામ ખાતે યોજાયેલ શ્રમદાન કાર્યક્રમનો આરંભ કરાવતાં ગુજરાત રાજ્યના રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું. કોબા ગામમાં શ્રમદાન કાર્યક્રમને હાથમાં ઝાડુ લઈ ગામમાં પડેલા કચરાની સફાઈ કરી રાજયપાલે આરંભ કર્યો હતો.

રાજયપાલે જણાવ્યું હતું કે, કુદરતની સ્વચ્છતાને જીવ સૃષ્ટિમાં કોઈ પણ પ્રાણી ગંદકી કરતું નથી. સુવર જેવું પ્રાણી દશ વ્યક્તિઓ જેટલું સફાઈનું કામ કરે છે. પણ સૌથી સમજદાર પ્રાણી મનુષ્ય જ ગંદકી વધારે ફેલાવે છે. જેના કારણે આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની અસરો ભોગવી રહ્યું છે. આજે આપણે દિવાળી પછી પણ વરસાદ મેળવી રહ્યા છીએ, તે ગ્લોબલ વૉર્મિંગની અસર જ છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સ્વચ્છતાને આઝાદી કરતાં પણ મહત્વનો વિષય માનતા હતા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની વાતને સાર્થક કરવા સ્વચ્છતા આગ્રહી બનવા સર્વેને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ રાજયપાલના ઉમદા સંકલ્પનો આરંભ ગાંધીનગરના કોબા ગામથી થયો છે, તેનો આનંદ પણ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમના અંતે આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી આર. આર. રાવલે કરી હતી. આ પ્રસંગે ગામમાં સ્વચ્છતાનું કામ કરતા સ્વચ્છતા કર્મી ભાઈ-બહેનોનું રાજયપાલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામના સરપંચ યોગેશ નાયી, રાજયપાલના સચિવ અરવિંદભાઈ જોષી, નિવાસી અધિક કલેકટર એચ. એમ. જાડેજા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ સહિત વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

બીઆરજી બજેટ સ્ટેનો મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે કેવડિયા કોલોની ખાતે શુભારંભ

# કેવડીયા ખાતે સૌને પોસાય તેવી નિવાસી વ્યવસ્થાની શરૂઆત




ગાંધીનગર, તા. ૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેક્ટ અને લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વીરગાથાના પ્રતીક સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ખાતે બીઆરજી બજેટ સ્ટે સંકુલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જાહેર જનતા માટે ખુલ્લું મુકતા પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે માત્ર ૧૦૦ દિવસોમાં જુના સરકારી કવાટર્સને તોડીને પ્રવાસીઓ માટે વ્યાજબી દરની સુવિધાઓ સાથેની બીઆરજી બજેટ સ્ટે દ્વારા જે સુવિધાઓ વિકસાવવામાં આવી છે તે અભિનંદનને પાત્ર છે. વધુમાં વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે હાલમાં આ સ્થળે દૈનિક રૂપિયા ૪૭૫ના દરે નિવાસની સુવિધા આપતા ૪૦ રૂમો જાહેર જનતા માટે શરૂ કરવામાં આવ્યા છે તેમજ પર્યટકો માટે ભોજનગૃહમાં વિવિધ પ્રકારની વાનગી પીરસવામાં આવશે. તેમજ આગામી દિવસોમાં અહીંયા પૂર્ણ સ્તરે ૧૨૫ રૂમો શરુ કરવામાં આવશે.

આ પ્રસંગે પત્રકારો સાથેની વાતચીમાં બીઆરજી ગ્રુપના સ્થાપક શ્રી ચેરમેન બકુલેશ ગુપ્તાએ જણાવ્યું હતુ કે મુખ્યમંત્રી પ્રેરીત વિચારધારાને સાકાર કરવાના હેતુથી સરદાર સરોવર ડેમ, સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ આસપાસના વિસ્તારોમાં આવેલ જોવાલાયક સ્થળોની મુલાકાતે આવતા ગ્રુપ પ્રવાસીઓ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓને નજીવા પોસાય તેવા દરોએ ૪૦૦થી વધુ મુલાકાતીઓ રહી શકે તેમજ ભોજન લઈ શકે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાના હેતુને સાકાર કરવા માટે બીઆરજી બજેટ સ્ટેનું નિર્માણ કરવામાં આવ્યું છે. બીઆરજી બજેટ સ્ટેમાં માત્ર રૂપિયા ૪૭૫/- પ્રતિ વ્યક્તિ પ્રતિ રાત્રીના દરે મુલાકાતીઓ રોકાણ કરી સ્ટેચ્યુ ઓફ યુનિટીની તેમની મુલાકાતને આનંદ સાથે માણી શકશે.


બીઆરજી બજેટ સ્ટેના લોકાર્પણ પ્રસંગે હાજર રહેલા બીઆરજી ગ્રુપના મેનેજીંગ ડિરેકટર શ્રી સરગમ ગુપ્તાએ પત્રકારો સાથેની વાતચીમાં જણાવ્યું કે બીઆરજી ગ્રુપના નેજા કેવડિયા ખાતે કોર્પોરેટ ઈવેન્ટ સાથે નાગરિકોના જીવનના યાદગાર પ્રસંગોને દુનિયાની ખ્યાતનામ જગ્યા ઉપર ઉજવવાની તમામ સુવિધાઓ એક જ સ્થળે એટલે કે બીઆરજી બજેટ સ્ટે ખાતે ઉપલબ્ધ રહેશે. દેશના વિભિન્ન રાજ્યોના ફૂડ સ્ટોલ સાથે સ્વાદિષ્ટ ભોજન અને પ્રકૃતિક વાતાવરણમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્રને અને વિચારોને નજીકથી સમજવાં અને માણવાની તક બીઆરજી બજેટ સ્ટે ખાતે આપવામાં આવશે.

આ અંગે વધુમાં સરગમ ગુપ્તાએ ઉમેર્યું કે આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ આસપાસના જોવાલાયક સ્થળોની મુલાકાત માટે ગાઈડ તેમજ પરિવહનની તમામ વ્યવસ્થ બીઆરજી બજેટ સ્ટે ખાતે ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત રેસ્ટોરન્ટ, કોર્પોરેટ ઈવેન્ટ હોલ તેમજ ૩૦૦૦ થી ૫૦૦૦ વ્યક્તિઓના સામુહિક કાર્યક્રમના આયોજન માટે અત્યાધુનિક હોલ તેમજ લૉનની સુવિધા પણ બીઆરજી બજેટ સ્ટે ખાતે યોજી શકાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ખાતે મુલાકાતે આવતા મુલાકાતીઓએ પોતાના રોકાણ માટે બીઆરજી બજેટ સ્ટે કંપનીની વેબ સાઈટની મુલાકાત લઈને બુકિંગ કરાવવાનું રહેશે.

# આજે સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીને પ્રથમ પુણ્યતિથિએ ભાવાંજલી અર્પણ થશે

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં પુત્રવધૂ અને પિનાકી મેઘાણીનાં માતા સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીએ ૮૦ વર્ષની વયે ૦૬ નવેમ્બર ૨૦૧૮ (આસો વદ ૧૪ - કાળી ચૌદશ)ના રોજ આપણી વચ્ચેથી અણધારી વિદાય લીધી હતી. સ્વ. કુસુમબેન મેઘાણીની પ્રથમ પુણ્યતિથિએ ભાવાંજલિ અર્પણ થશે.



પ્રાધ્યાપક રહી ચૂકેલાં કુસુમબેન પુત્ર પિનાકી મેઘાણી અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનનાં સતત પથદર્શક રહ્યાં હતાં. ઝવેરચંદ મેઘાણીની અધિકૃત અને માહિતીસભર વેબસાઈટ www.jhaverchandmeghani.comનાં સંશોધન માટે પિનાકીભાઈ સાથે ગુજરાત-રાજસ્થાનનો સઘન પ્રવાસ કર્યો હતો. દરેક કાર્યકર્મમાં ઉત્સાહભેર ઉપસ્થિત રહે. ‘મેઘાણીગાથા’, 'કસુંબીનો રંગ' પુસ્તકો તેમજ ‘ઘાયલ મરતાં મરતાં રે’, ‘રઢિયાળી રાત’, 'સોરઠી સંતવાણી' મ્યૂઝીક સીડીનાં સંકલનમાં પણ સવિશેષ પ્રેરણા આપી હતી. યુવાવસ્થામાં પતિ નાનકભાઈ મેઘાણી સંચાલિત રાજકોટ સ્થિત 'સાહિત્ય મિલાપ' ગ્રંથભંડારમાં પણ સક્રીય હતાં.

જે સમયે કન્યા કેળવણીનું પ્રમાણ ખૂબ ઓછું હતું ત્યારે ભાવનગર ખાતે જન્મેલાં કુસુમબેન મેઘાણીએ એમ.એ. - બી.એડ.નો ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કર્યો હતો. માતા લક્ષ્મીબેન અને પિતા ત્રિભુવનદાસ શાહની પ્રેરણાથી શાળા-કોલેજ દરમિયાન અભ્યાસ ઉપરાંત કલા અને રમતગમત ક્ષેત્રે પણ અનેક સિધ્ધિઓ હાંસલ કરી હતી. ૧૯૫૯માં દિલ્હીનાં તાલકટોરા ગાર્ડન ખાતે યોજાયેલ ઓલ-ઈન્ડિયા યુથ ફેસ્ટીવલમાં ઝવેરચંદ મેઘાણી સંશોધિત-સંપાદિત 'રઢિયાળી રાત'નાં પ્રાચીન રાસ-ગરબા-લોકગીતો ગુંજયાં હતાં. ભાવનગરની શામળદાસ કોલેજનાં ૧૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશની ૩૭ યુનિવર્સિટીઓમાં લોક-નૃત્યમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. શામળદાસ કોલેજમાં જુનિયર બી.એ.માં ત્યારે અભ્યાસ કરતાં કુસુમબેન આ વિજેતા ટીમમાં શામેલ હતાં. દેશના પ્રથમ પ્રધાન મંત્રી પંડીત જવાહરલાલ નહેરુએ વિજેતા ટીમનું સન્માન કર્યુ હતું. એન.સી.સી.માં બેસ્ટ કેડેટ તરીકે પણ પસંદગી પામેલા. ત્રણ ટર્મ સુધી લોકસભાનાં સાંસદ રહી ચૂકેલાં મોટા બહેન જયાબેન શાહની પ્રેરણાથી બચપણમાં આઝાદીની ચળવળમાં પણ રસ લેતાં હતાં.

નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, મોરારજીભાઈ દેસાઈ, ઈન્દિરાબેન ગાંધી સહિત દેશનાં પાંચ પ્રધાન મંત્રીને પ્રત્યક્ષ મળવાનો અવસર કુસુમબેનને પ્રાપ્ત થયો હતો જે ખાસ ઉલ્લેખનીય છે.

# માતા જ માતૃભાષા વિકસાવી શકશે


માતા અને બાળકનો ગર્ભનાળનો સંબંધ છે. એવો જ સંબંધ માતા અને એની પોતાની માતૃભાષાનો છે. માતૃભાષા માતાના મુખની વાણી છે, માતાના મુખમાંથી મુખરિત થતું અમૃત છે. કોઈ પણ સ્ત્રી, કોઈ પણ માતા સ્વભાષાને અવગણી શકે નહીં... એની ઉપેક્ષા કરી શકે નહીં.

પણ વર્તમાન યુગનું ચિત્ર આવું દેખાય છે ખરું ? આપણી માતાઓ પોતાની ભાષા કરતાં અંગ્રેજીને વધુ પ્રેમ કરવા માંડી છે. કદાચ એ પોતાના જ આભૂષણને ઓળખી શકી નથી. અને તેથી જ આજકાલની માતાઓ પોતાનાં વહાલસોયાં બાળકોને અંગ્રેજીને હવાલે કરી દે છે. એથી થતા નુકસાનનો પાર એ પામી શકતી નથી. નાનપણથી જ પરભાષા જોડાણનો અતિરેક કરતી માતાઓ પ્રતિક્ષણ પોતાના બાળકને પોતાનાથી દૂર કરી રહી છે. જે ભાષા નાનપણથી જ બાળક અને માતા વચ્ચેનો સેતુ હોય છે તેમાં પરભાષાનો પ્રવેશ મોટાં ગાબડાં પાડે છે. સંસ્કારની પ્રક્રિયા ખોરવાઈ જાય છે. બાળકના મનમાં ચાલતો વિચારપ્રવાહ ખંડિત થઈ જાય છે. એની બધી શક્તિ એક અજાણી ભાષાને સમજવામાં ખર્ચાઈ જાય છે.

દિનાંક ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના સંદેશની મંગળવારની 'નારી' પૂર્તિમાં અમિતા વાઘેલાનો લેખ માતાઓની આંખ ઉઘાડે તેવો છે. આ લેખની શીર્ષક પંક્તિ છે : 'આપણી ભાષાના જોરે આપણે મજબૂત બનીએ તે જોવાનું કામ નારીનું છે.' તેઓ લખે છે, 'પોતાની ભાષામાં એક આત્મીયતા અને જોડાણનો ભાવ હોય છે. પોતાની ભાષાના શબ્દો સીધા દિલને સ્પર્શે છે. જે ભાષામાં માણસ સપનાં જુએ, જે ભાષાના શબ્દો એના અંતરના ઊંડાણને જગાડે અને અસરકારક સંવાદ સાધે એ ભાષા પોતાની અને આ પોતાની ભાષાની ઓળખ સ્ત્રીથી વધારે સારી રીતે કોઈ ન કરાવી શકે. પણ ધીરેધીરે સ્ત્રીઓ ખુદની ભાષા છોડી પારકી ભાષાને પોતાની આઈડેન્ટીટી માનવા માંડી છે. અહીં સ્ત્રીઓ પર ભાર એટલા માટે મુકાયો છે કે આપણે ત્યાં હજુ બાળઉછેરમાં પુરુષોની સક્રિય ભૂમિકા ઓછી છે. જ્યારે બાળક ભાષા શીખે છે ત્યારે નર્સરી-જુનિયર-સિનિયરમાં એમને ભણાવનાર સ્ત્રીઓ પોતાનું બાળક અંગ્રેજી ભાષા બોલે એ માટે વધુ સજાગ છે. વળી, ઘરમાં સહુની સાથે વધારે સંવાદ સ્ત્રીઓ જ કરે છે. તેથી સ્ત્રીઓની ભાષાની સજાગતા અને ભાષાપ્રેમ જ નવી પેઢીને પોતાની ભાષા સાથે જોડી શકે.'

દુ:ખની વાત એ છે કે આપણી આજની માતાઓ અંગ્રેજીના મોહમાં પડી છે. સીતામાતાને જેમ સુવર્ણમૃગનો મોહ થયો હતો અને રાવણ દ્વારા એમનું હરણ થયું હતું તેમ આપણી માતાઓનો અંગ્રેજી પ્રત્યેનો વ્યામોહ છેવટે તો સંસ્કૃતિના હરણ, એના વિનાશ તરફ જ આપણને લઈ જશે.

ઘરમાં બાળકની માતા અને પરિવારજનો જે ભાષામાં વાત-વ્યવહાર કરતાં હોય તેના જ ઉચ્ચાર, અર્થ અને સ્પંદનો બાળકના નાજુક મનમાં ઝિલાતાં હોય છે. ઘરમાં બધાએ બાળક સાથે માતૃભાષામાં જ વાત કરવી જોઈએ, જેથી એ પોતાને પરિવારનું અભિન્ન અંગ માને. સંયુક્ત પરિવારમાં બાળકનો વિકાસ સરસ અને ઝડપી થતો હોય છે, કારણ કે એમાં વૈવિધ્યપૂર્ણ સંબંધોનો સેતુ રચાય છે. ઘરમાં દાદા-દાદી, કાકા-કાકી વગેરે સાથે રહેતાં હોય તો અનેક પ્રકારના શબ્દો બાળકના કાને પડતા રહે છે. શબ્દકોશમાં પણ ન હોય તેવા કેટલાય તળપદા શબ્દો ઘરમાં વપરાતા હોય છે. આને કારણે બાળકનું શબ્દભંડોળ વધે છે, શબ્દસમૃદ્ધિની સાથે સાથે ભાવનાઓ, લાગણી અને સંવેદનાનો વિકાસ થાય છે. ઘરમાં સારી રીતે થતા સંવાદને કારણે સંવાદિતા સર્જાય છે, જે બાળકની જીવનભરની મૂડી બને છે. જેમ કે મેં મારાં દાદીમાના મોઢે સાંભળેલા કેટલાય તળપદા અને વિશિષ્ટ શબ્દો મને આજેય યાદ છે. ક્યારેક હું વધારે પડતું ખાતો તે દાદીમા કહેતાં, 'હેંતકનું ખામા.' ક્યારેક કોઈ કા માટે બહુ મહેનત કરતો તો કહેતાં 'મઉ થામા.' હવે શબ્દકોશમાં 'હેંતક' કે 'મઉ' જેવા શબ્દો મળે ખરા ?



માતૃભાષા ચિંતન

હર્ષદ પ્ર શાહ

matrubhasha.gaurav@gmail.com

ક્યારેક ઘરના વડીલો વાતવાતમાં રૂઢિપ્રયોગો અને કહેવતોનો ઉપયોગ કરતા હોય છે. આ બધું બહુ માર્મિક અને અર્થસભર હોય છે. સમય કે ઘટનાને અનુરૂપ એ બોલાતું હોય છે અને અત્યંત પ્રાસંગિક હોય છે. તેથી એ જલ્દીથી સમજી શકાય. આવી લઢણ, આવો લહેકો, આવા તળપદા શબ્દો આપણે બીજી ભાષામાં પ્રયોજી શકતા નથી. ભાષાની કહેવતો, રૂઢિપ્રયોગો, પંક્તિઓ બાળકોને જીવનનું સત્ય ખૂબ સરળતાથી સમજાવી શકે છે. એનાથી સંવાદ અને અભિવ્યક્તિનું વજન વધે છે. આ બધું માતા વધારે સારી રીતે કરી શકે છે કારણ કે એ બાળકની વધારે નજીક છે અને સમજાવવાની-બોલવાની-શીખવવાની કળા એની પાસે જ વિશેષ છે.

માતા દ્વારા બોલાતી કેટલીક કહેવતો બાળકને અવનવા શબ્દો શીખવવાનું કામ તો કરે જ છે, પણ સાથેસાથે જીવનમૂલ્યોનો બોધ પણ કરાવે છે. ઉદાહરણાર્થ : 'સંપ ત્યાં જંપ' અને 'વેર ત્યાં ઝેર', 'કરણી તેવી ભરણી', 'પીળું એટલું સોનું નહીં ને ઊજળું એટલું દૂધ નહીં', 'ઝાઝા હાથ રળિયામણા', 'નમે તે સહુને ગમે' વગેરે... આમ, કહેવતો ભાષાશિક્ષણનું અસરકારક સાધન છે, જેનામાં થોડામાં ઘણું સમજાવી દેવાની તાકાત છે.

આ ઉપરાંત બાળકો નાનાં હોય ત્યારે એમને જોડકણાં, ઉખાણાં, હાલરડાં, કવિતાઓ, દુહા અને ભજનો સંભળાવવાં જોઈએ. એથી ભાષાની સાથે સંગીત અને લય પણ બાળકો શીખી શકશે. અમિતાબહેન વાઘેલા એમના ઉપર જણાવેલા લેખમાં એમ પણ લખે છે કે, 'આજની મમ્મીઓને જો દાદીઓ 'દાદાનો ડંગોરો લીધો' કે 'એક બિલાડી જાડી' એવાં જોડકણાં બાળક સમક્ષ ગાય તો એ ગમતું નથી. પહેલાં તો મમ્મીઓ હાલરડાં ગાઈને બાળકોને સૂવડાવતી. તેથી બાળકના અર્ધજાગ્રત મનમાં 'ભાષા-શબ્દો' અને 'લય-તાલ' પણ અંકિત થઈજતા. હવે તો હાલરડાં ગાવાનો સમય જ મમ્મીઓ પાસે નથી. માતૃભાષાને અવગણીને અંગ્રેજીમાં જ બોલવાનો આગ્રહ રાખતી મમ્મીઓ એ વાત ભૂલી જાય છે કે દરેક બાળક મોટું થઈને મલ્ટિનેશનલ કંપનીમાં કામ કરવાનું નથી. ૮૦ ટકા લોકોએ સ્થાનિક લેવલે જ કામ કરવાનું છે. હવે એમને સ્થાનિક ભાષા જ ન આવડે તો કેમ ચાલે ?

ઘણાં ઘરમાં માતાઓ સંસ્કૃત સ્તોત્ર-સ્તુતિઓ-શ્લોકોના માધ્યમથી સંસ્કારક્ષમ વાતાવરણ નિર્માણ કરતી હોવાનું મેં જોયું છે. આ પ્રક્રિયા જો અસરકારક રીતે થાય તો બાળક સંસ્કારી તો બને છે, પણ સંસ્કૃત અતિ શુદ્ધ અને વૈજ્ઞાનિક ભાષા હોવાને કારણે એના ઉચ્ચાર પણ શુદ્ધ બને છે. જો સંસ્કૃત અને ગુજરાતી ભાષાની વર્ણમાળા અને વર્ણોનાં ધ્વનિસ્થાન બાળકને નાનપણથી સમજાવવામાં આવે તો એનામાં તોતડાપણું કે ઉચ્ચારોની અશુદ્ધિઓ પ્રવેશી શકતી નથી. આ વૈજ્ઞાનિક સત્ય છે, ભાષાવિજ્ઞાન છે.

ટૂંકમાં, માતા જેવું ધારે તેવું બાળક એની સંકલ્પશક્તિથી જન્માવી શકે છે એવા ગર્ભવિજ્ઞાનના સત્ય સાથે આપણે એવું પણ સ્વીકારી શકીએ કે માતા પોતાની ભાષા દ્વારા બાળકને એના જીવનપર્યંતનું ભાથું આપી શકે છે, જે એના સર્વાંગી વિકાસનું કારણ સાબિત થઈ શકે.

આમ, માતાત્રયી-માતા, માતૃભાષા અને માતૃભૂમિ - આ ત્રણેય માતૃશક્તિ બાળકને સાચા અર્થમાં જન્મ અને જીવન આપે છે; એનું શારીરિક, માનસિક અને સાંસ્કૃતિક પોષણ કરે છે. જો આજની માતા પોતાની આ ભૂમિકા સ્પષ્ટપણે સમજે તો ભારતમાતાનું શ્રેય સધાય અને સંસ્કૃતિનું ધોવાણ થતું પણ અટકાવી શકાય. જાગો માતા જાગો !